તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૩૩ ટકા


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૫૨ | ૨૩ નવેમ્બર, ૨૦૧૬, બુધવાર ; કારતક વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


ગેરન્ટેડ ગિફ્ટ કુપન

અહીંથી કાપો




# નોટબંધી મામલે સંસદના બંને ગૃહ ઠપ

**લોકસભા અને રાજ્યસભા બુધવાર સુધી મોકૂફ : પોત-પોતાની માંગ ઉપર સત્તા પક્ષ અને વિપક્ષ મક્કમ રહેતા કામગીરી હાથ ધરી ન શકાઇ : રાજ્યસભાના નાયબ અધ્યક્ષ કુરિયનની તમામ સભ્યોને ફટકાર**



નવીદિલ્હી,તા. ૨૧

નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ આને લઈને આજે પણ ભારે ધાંધલ ધમાલ જારી રહી હતી. સંસદના બંને ગૃહોમાં કામગીરી હાથ ધરી શકાય ન હતી. વિપક્ષી સાંસદોએ ભારે હોબાળો મચાવ્યો હતો જેથી કામગીરી હાથ ધરી શકાય ન હતી. સ્થિતિ એ હતી કે, સાંસદોને શાંત પાડવા માટે રાજ્ય સભામાં નાયબ અધ્યક્ષ પીજે કુરિયન પણ નારાજ થઈ ગયા હતા. બીજી બાજુ લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજને પણ સભ્યોના ધાંધલ ધમાલના કારણે નાખુશ દેખાયા હતા. તેમણે કહ્યું હતું કે, તેઓ સંસદ નહીં ચાલવાથી દુખી છે. ચર્ચા દરમિયાન વડાપ્રધાનની ગૃહમાં હાજરી રહેવાની વિપક્ષની માંગ અને સરકારના જિદ્દી વલણના પરિણામ

સ્વરુપે સંસદના બંને ગૃહોમાં હોબાળો રહ્યો હતો. જેના લીધે રાજ્યસભા અને લોકસભાની કામગીરી ખોરવાઈ ગઈ હતી. લોકસભા અધ્યક્ષ સુમિત્રા મહાજને પણ કાર્યવાહી ખોરવાઈ જવા બદલ ચિંતા વ્યક્ત કરી હતી. રાજ્યસભામાં કુરિયને ધાંધલ ધમાલ વચ્ચે બંને પક્ષોને ફટકાર લગાવી

● અનુસંધાન પાન-૭ પર

## જાપાનમાં ૭.૪ની તીવ્રતાનો ભૂકંપ

ટોકિયો,તા. ૨૨

જાપાનના ઉત્તરીય હિસ્સામાં આજે સવારે ૭.૪ની તીવ્રતા સાથે વિનાશકારી ભૂકંપ આવ્યા બાદ સુનામીની લહેરો જોવા મળી હતી. સુનામીની લહેરો કિનારે સ્થિત ફુકુસીમા ન્યુક્લિયર પ્લાન્ટ સાથે ટકરાઈ હોવાના પણ હેવાલ મળ્યા છે. લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી.

જાપાનના સમાચાર ચેનલોએ માહિતી આપતા કહ્યુ હતુ કે દરિયા કિનારા પર રહેતા તમામ લોકોને સુરક્ષિત સ્થળ પર જતા રહેવા માટે કહેવામાં આવ્યુ હતુ. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી.

## ભારતીય જવાનના મૃતદેહને વિકૃત કરતા વિસ્ફોટક સ્થિતિ

**પાકિસ્તાનનું ફરીવાર કાયરતાપૂર્વકનું કૃત્ય : પાકિસ્તાની સેનાએ ટૂંકા ગાળામાં જ બીજી વખત ભારતીય સેના જવાન સાથે ખરાબ કૃત્ય કરતા તંગદિલી વધી ગઈ**



શ્રીનગર,તા. ૨૨

અંકુશ રેખા પર પાકિસ્તાને ફરી એકવાર કાયરતાપૂર્વકનું કૃત્ય કર્યું છે. ત્રાસવાદીઓ સાથેની અથડામણમાં શહીદ થયેલા એક જવાનના મૃતદેહને વિકૃત કરી દેવાનો મામલો સપાટી ઉપર આવ્યો છે જેથી ઉશ્કેરણી વધી જાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ગયા મહિનાની અંદર પાકિસ્તાની સેના દ્વારા બીજી વખત આ પ્રકારનું કૃત્ય કરવામાં આવ્યું છે. પાકિસ્તાન સેનાની આ પ્રકારની કાર્યવાહીનો જોરદાર વિરોધ કરવામાં આવ્યો છે. અત્રે નોંધનીય છે કે, ગયા મહિનામાં પણ પાકિસ્તાની સેના તરફથી કવર ફાઈરિંગમાં ત્રાસવાદીઓએ ભારતીય જવાનને મોતને ઘાટ ઉતારી દીધા બાદ તેના મૃતદેહ સાથે ચેડા કરવામાં આવ્યા હતા. આનો ભારત દ્વારા જોરદાર વિરોધ પણ કરવામાં આવ્યો હતો. શહીદ થયેલા ભારતીય જવાનોના મૃતદેહ સાથે અપમાનિત કૃત્ય કરવાના મામલામાં વારંવાર સપાટી ઉપર આવતા રહ્યા છે. ભારતીય સેનાએ પાકિસ્તાનની આ પ્રકારની કાયરતાપૂર્વકની પ્રવૃત્તિનો જડબાતોડ જવાબ આપવા માટે કહ્યું છે. અત્રે નોંધનીય છે કે, સેનાના ત્રણ જવાન માછીલમાં સરહદની નજીક ત્રાસવાદીઓ સાથેની અથડામણ શહીદ થયા હતા. આ પૈકી એક જવાનના મૃતદેહને વિકૃત કરી દેવામાં આવ્યો હતો. આ ઘટનાના સંદર્ભમાં સંરક્ષણમંત્રી મનોહર પારીકરને માહિતી આપી દેવામાં આવી છે. સેનાને આ કાર્યવાહીનો જડબાતોડ જવાબ આપવા માટે કહેવામાં આવ્યું છે. પાકિસ્તાનના આ કૃત્યની નિંદા પણ કરવામાં આવી છે.

# માર્કેટની સ્થિતિ યથાવત થતા ૭ સપ્તાહ લાગશે

**નોટબંધી બાદ આશરે ૧.૩૬ લાખ કરોડ રૂપિયા માર્કેટમાં : માર્કેટમાં આશરે ૧૪ લાખ કરોડ રૂપિયાની મોટી કરન્સી નોટ છે : હજુ સુધી જુની નોટની મુલ્યની ૧૦ ટકા રકમ જ બદલી શકાઇ છે**



મુંબઈ,તા. ૨૨

નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ જે ગતિથી માર્કેટમાં પૈસાનો પુરવઠો પહોંચી રહ્યો છે તે ગતિથી સ્થિતીને સામાન્ય બનાવવામાં હજુ સમય લાગી શકે છે. સ્થિતીને સામાન્ય બનાવવા માટે હજુ ઓછામાં ઓછા સાત સપ્તાહનો સમય લાગી શકે છે. આનો મતલબ એ થયો કે હજુ પણ ઘણા દિવસ સુધી લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડશે. આવી સ્થિતિમાં લોકોની તકલીફમાં વધારો થવાના સ્પષ્ટ એંધાણ દેખાઈ રહ્યા છે. નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ આશરે ૧.૩૬ લાખ કરોડ રૂપિયા માર્કેટમાં આવ્યા છે. આ રૂપિયા જુની નોટને બદલાવવા અને કેશ ઉપાડના માધ્યમથી આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# નોટબંધી મુદ્દે મોદીએ પ્રજાના અભિપ્રાય માંગ્યા

**વિરોધ પક્ષોના ભારે હોબાળા વચ્ચે લોકો સુધી પહોંચવા પ્રયાસ : સર્વેમાં મોટાપાયે ભાગ લેવા લોકોને અપીલ : ૧૦ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે**



નવીદિલ્હી,તા. ૨૨

નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ વિરોધ પક્ષના આકરા પ્રહારોનો સામનો કરી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હવે આ મુદ્દે દેશની પ્રજા પાસેથી સીધીરીતે અભિપ્રાય માંગ્યા છે. મોદીએ લોકો પાસેથી અભિપ્રાય માંગીને સર્વેમાં ભાગ લેવા માટે પણ દેશના લોકોને અપીલ કરી છે. ટ્વિટર પર દેશના સામાન્ય લોકોને અપીલ કરવામાં આવી છે કે, તેઓ એક ખાસ એપ મારફતે નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ પોતાના અભિપ્રાય તેમના સુધી પહોંચાડે તેમ તેઓ ઈચ્છે છે. વડાપ્રધાને નરેન્દ્ર મોદી નામના આ એપથી સર્વે મારફતે પોતાના અભિપ્રાય રજૂ કરવા માટે કહ્યું છે. આ એપ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વેબસાઈટ ડબલ્યુડબલ્યુડબલ્યુ. નરેન્દ્રમોદી. ઈનની એપ છે જેને પ્લે સ્ટોર ઉપર નરેન્દ્ર મોદી સર્ચ કરીને ઈન્સ્ટોલ કરવામાં આવી શકે છે. આ એપમાં રજિસ્ટર કરવામાં આવ્યા બાદ યુઝર્સને સર્વેના લિંક ક્લિક કરવાની જરૂર પડશે અને ત્યારબાદ એક પછી એક પ્રશ્નો સતત આવતા રહેશે. વડાપ્રધાનના આ પગલાથી સંસદમાં સતત હોબાળો થઈ રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# પેટા ચૂંટણીનું પરિણામ જાહેર

**પેટા ચૂંટણીમાં તમામ પક્ષોના પોતાના કિલ્લા જાળવવામાં સફળતા : મધ્યપ્રદેશ અને આસામમાં ભાજપની જીત બંગાળમાં તૃણમુલ અને તમિળનાડુમાં અન્નાદ્રમુકની જીત થઇ : પોંડીચેરીમાં કોંગ્રેસી નેતા નારાયણ સામીનો વિજય**

નવીદિલ્હી,તા. ૨૨

દેશના છ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં લોકસભાની ચાર અને વિધાનસભાની આઠ બેઠકો ઉપર આજે પેટાચૂંટણી પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. તમામ પક્ષોએ પોતપોતાના કિલ્લાને જાળવી રાખવામાં સફળતા મેળવી હતી. કેટલીક સીટો ઉપર પરિણામ પણ આવી ચુક્યા છે. નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ આ ચૂંટણી પરિણામો ઉપર તમામની નજર હતી. ભાજપે પોતાની સીટો ઉપર કબજો જાળવી રાખવામાં સફળતા મેળવી હતી. પશ્ચિમ બંગાળમાં તૃણમુલ બાદ ભાજપ બીજા સ્થાન પર રહ્યું હતું. પુડુચેરીને છોડી દેવામાં આવે તો બાકીના રાજ્યોમાં કોંગ્રેસની હાલત કફોડી બની હતી. મધ્યપ્રદેશના નેપાનગર અને સહડોલમાં ભાજપે જીત મેળવી હતી. આસામમાં ભાજપનો જાદુ યથાવત રહ્યો હતો. અહીં લખીમપુર લોકસભા સીટ પર ભાજપના ઉમેદવારે જીત મેળવી હતી. બંગાળમાં લોકસભાની ચૂંટણીમાં તૃણમુલે જીત મેળવી લીધી છે જ્યારે મોંતેશ્વર વિધાનસભા સીટ પર તૃણમુલના નેતાએ ડાબેરી નેતાને હાર આપી હતી. તમિળનાડુમાં તિરુપરમકુંદરમ, તંજોર અને અર્વાકુરિચિ વિધાનસભા સીટ પર વિધાનસભાની ચૂંટણી થઈ હતી જે પૈકી પંજોરમાં અન્નાદ્રમુકે જીત મેળવી

● અનુસંધાન પાન-૭ પર







